અપીલ અરજી નં.૩૦૯ તા.૨૮–૧–૦૯

અરજદાર: શ્રી મુસ્તુફાભાઈ આઈ. પટેલ
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુસ્તુફાભાઈ આઈ. પટેલની તા.૧૯–૧૨–૦૮ની અરજીથી વોર્ડ નં. ૧ /૩૦૩૬ બ વાળી જમીન જેનો ટેના નં.૦૧સી–૧૭–૧૫૫૧–૦–૦૦૧છે અને પખાલીવાડ,બડેખા ચકલા સુરત મુકામે આવેલ છે જે વર્ષોથી એસેસમેન્ટ રજીસ્ટરમાં ઉપયોગના પ્રકાર તરીકે ઓપન પ્લોટ તરીકે ચાલી આવેલ છે અને તેના ઉપર ૧૯૯૦ માં બાંધકામ થઈ આજ દિન સુધી પુર્ણ થયેલ નથી અને કોઈ પણ વસવાટ નથી તો તેવા સંજોગોમાં બીપીએમસી એકટ મુજબ સદરહુ મિલ્કતની બાંધકામ માટેની આકારણી કરી શકાય ખરી? અને કરી શકાય તો કયા વર્ષથી દાખલ કરી શકે તેની વિગતવાર માહિતી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૯/૨૦૦૮–૦૯

શ્રી મુસ્તુફાભાઈ આઈ. પટેલની તા.૧૯–૧૨–૦૮ની અરજીથી વોર્ડ નં.૧/૩૦૩૬ બ વાળી જમીન જેનો ટેના નં.૦૧સી–૧૭–૧૫૫૧–૦–૦૦૧છે અને પખાલીવાડ,બડેખા ચકલા સુરત મુકામે આવેલ છે જે વર્ષોથી એસેસમેન્ટ રજીસ્ટરમાં ઉપયોગના પ્રકાર તરીકે ઓપન પ્લોટ તરીકે ચાલી આવેલ છે અને તેના ઉપર ૧૯૯૦ માં બાંધકામ થઈ આજ દિન સુધી પુર્ણ થયેલ નથી અને કોઈ પણ વસવાટ નથી તો તેવા સંજોગોમાં બીપીએમસી એકટ મુજબ સદરહુ મિલ્કતની બાંધકામ માટેની આકારણી કરી શકાય ખરી? અને કરી શકાય તો કયા વર્ષથી દાખલ કરી શકે તેની વિગતવાર માહિતી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે નં.એઆરડી/૧૨૨ તા.૧૩–૧–૦૯ ના રોજ પાઠવવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧,૨ અને ૪ ના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ અરજદારે તા.૧૭–૧–૦૯ ના રોજ કરેલ દફતર નિરીક્ષણ રોજકામની નકલ તથા માંગેલ નકલો અંગે થયેલ કાર્યવાહીની વિગતો તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪૦ તા.૩–૨–૦૯ ના રોજ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને એઆરડી નં.૧૨૨ તા.૨૧–૨–૦૯ થી પુરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા. ૧૯–૧૨–૦૮ ની અરજીથી ૧/૩૦૩૬/બ વાળી ટેના નં.૦૧સી–૧૭–૧૫૫૧–૦–૦૦૧ની મિલ્કતની આકારણી બાબતે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને એઆરડી/૧૨૨ તા.૧૩–૧–૦૯ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં અરજદારને તા.૧૭–૧–૦૯ના રોજ ઈન્સ્પેકશન પુરું પાડવામાં આવેલ છે. આમ અરજદારને સમય મર્યાદામાં માહિતી અને ઈન્સ્પેકશન પુરું પાડેલ છે. અરજદારે ઈન્સ્પેકશન દરમ્યાન તા.૧૭–૧–૦૯ ના સદર મિલ્કતના તુમારના નિર્દિષ્ટ ૧ થી ૧૩ ના પેપર્સની માંગણી કરવામાં આવેલ. ત્યાર બાદ તા.૨૮–૧–૦૯ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ.જેમાં મુદ્દા નં.૧ માં ૧૯૯૦માં બાંધકામ થયેલ હોય તો આકારણી કયા વર્ષથી કરી શકાય તેની માહિતી મુદ્દા નં.૨ માં પુરાવા મેળવ્યા બાદ આકારણી કરનારે સ્થળ ઉપર શું કાર્યવાહી કરવાની હોય છે તેમજ મુદ્દા નં.૪ માં તુમારના નિર્દિષ્ટ ૧ થી ૧૩ પેપર્સની માંગણી કરેલ. જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિત શ્રી મોહંમદ સલીમ મોહંમદ યુસુફ પઠાણ ને આરટીઆઈ કાયદાની કલમ–૧૧ હેઠળ એઆરડી/૪૫૯ તા.૪–૨–૦૯ ના રોજ નોટીસ પાઠવવામાં આવેલ. જેમાં ત્રાહિત વ્યકિતએ અરજદાર પરેશાન કરી મિલ્કત નજીવી કિંમતમાં પડાવી લેવા ખોટી અરજીઓ કરી ધમકી આપે છે તેથી સદર શખ્સને અમારી લેખિત મંજુરી વિના માહિતી આપવી નહીં તેવું જણાવેલ છે.

અરજદારને તા.૭–૨–૦૯ ના રોજ સાંજે ૪.૧૫ કલાકે અત્રેના નંઆરટીઆઈ સેલ/૧૧૨૭ તા.૨૪–૨–૦૯ ના અનુસંધાને રાખેલ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ તથા સાથે માહિતીની માંગણી અંગે વ્યાપક જાહેર હિતનું સમર્થન દર્શાવતી વિગતો રજૂ કરવા જણાવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહેલ હતાં નહીં તેમજ જાહેર હિત સબંધે કોઈ વાજબીપણું કે આધાર રજુ કરેલ નથી. જયારે માહિતી અધિકારી તરફથી આકારણી અને રીકવરી ઓફિસર હાજર રહી જણાવેલ કે પ્રસ્તુત કિસ્સામાં અરજદારને માંગેલી માહિતી પુરી પાડવામાં આવેલ છે. અરજદારે તુમાર અંગે તમામ કાર્યવાહીની માંગણી કરતાં તેને ઈન્સ્પેકશન આપવામાં આવેલ છે. પરંતુ ત્રાહિત વ્યકિતના તુમારની માંગણી કરેલ હોઈ તે અંગે મિલ્કતદારને આરટીઆઈ કાયદાના નિયમ અને જોગવાઈ અનુસાર કલમ–૧૧ હેઠળ માહિતી આપવા અંગે જાણ કરતાં ત્રાહિત વ્યકિત ધ્વારા મિલ્કતની માહિતી પુરી પાડવા સામે વાંધો લીધો હતો. જેથી પ્રસ્તુત કિસ્સાને જાહેર હિતને વ્યાપક અસર કરેલ તેવી કોઈ માહિતી ન હોવાથી નિયમ અનુસાર માહિતી આપવાનો ઈન્કાર કરેલ. અને તેની જાણ અરજદારને કરેલ છે જે અંગે એઆરડી/૧૪૬ તા.૨૦–૨–૦૯ ના રોજ અરજદારને પાઠવેલ નકલ પણ રજુ કરેલ છે. અરજદારે અપીલના તબકકે લેખિત અરજીમાં રજુ કરેલ તકરારી મુદ્દા " તેઓ પાસે બીપીએમસી એકટ ન હોય અધુરી માહિતી મળ્યાનું અનુમાનિત હોવાનું જણાવેલ છે. જે જાહેર માહિતી અધિકારીના પૂરક ઉત્તર અનુસાર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે. તદઉપરાંત ઈન્સ્પેકશન સમયે પણ આ જ બાબત અરજદાર જાણી શકયા હોત. મેળવી શકયા હોત. અરજદારના મુદ્દા નં.૨ અંગે આકારણી અધિકારી/ખાતા ધ્વારા કરવાની કાર્યવાહી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા લાગત ફાઈલનું પુરું ઈન્સ્પેકશન જ આપેલ હોય તેમાં તમામ વિગત સમાવિષ્ટ થઈ જતી હોય અને અરજદારે ઈન્સ્પેકશન મેળવેલ હોય તકરારને સ્થાન નથી. મુદ્દા નં.૪ અરજદારે ઈન્સ્પેકશન પશ્ચાત માંગેલ ત્રાહિતની માહિતી જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ પક્ષ મુજબ ત્રાહિતના વાંધાના ઉપલક્ષ્યમાં ઈન્કાર કરવામાં આવેલ છે. જે કાયદાની કલમ–૧૧ સાથે સુસંગત છે અને વ્યાપક જાહેર હિતના સમર્થનમાં જાહેર કરવા બાબતે અરજદાર તેમનો પક્ષ પ્રસ્થાપિત કરવામાં સફળ રહેલ ન હોઈ ત્રાહિતના વાંધો યથાર્થ ઠરે. તેમ છતાં ખાતા ધ્વારા અરજદારને આપેલ ફાઈલ ઈન્સ્પેકશ પારદર્શી હેતુને ચરિતાર્થ ઠેરવે છે.

## *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મુદ્દા નં.૧ થી ૧૦ ની મુળ અરજી પૈકી ઉપસ્થિત કરેલ મુદ્દા નં.૧ અને ૨ ની તકરાર સબંધિત દફતરના ઈન્સ્પેકશન પશ્ચાત યર્થાથ ઠરતી નથી. અરજદાર ઈચ્છે તો વેબસાઈટ પરથી માહિતી ઉપલબ્ધ કરી શકે છે. અગર નાગરિક સુવિધા કેન્દ્ર પરથી નિયત ફી ભરી જોગવાઈની માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૪ અંગે ત્રાહિતના વાંધાના ઉપલક્ષ્યમાં જાહેર માહિતી અધિકારીના ઈન્કારને બહાલ રાખવામાં આવતો હોય અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ :    –૨ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૩) શ્રી મુસ્તુફાભાઈ આઈ. પટેલ